Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||

MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2026 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ ● અંક ૨૯૨ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૯/૨૦૨૬ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### ગણપતિ બાપા મોરિયા

મુંબઈ પાટીદાર પ્રગતિ માસિક પત્રક વિક્રમ સવંત ૨૦૮૨ ભાદરવા સુદ ૪ સોમવાર તા. ૧૪.૦૯.૨૦૨૬ થી શરૂ થતા આ શુભ અવસરે આપ સૌ વાચક મિત્રોને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

ગણેશ ઉત્સવ એ માત્ર આપણી ધાર્મિક આસ્થાનું પર્વ નથી, પરંતુ તે આપણી જ્ઞાતિ માટે એકતા, પ્રગતિ અને સાંસ્કૃતિક ચેતનાનું પ્રતીક છે. શ્રી ગણપતિ રિદ્ધિસિદ્ધિના દાતા છે શુભ અને લાભના પિતા કહેવાયા છે.

વિઘ્નહર્તા, બુદ્ધિના દાતા અને મંગલમૂર્તિ ભગવાન શ્રી ગણેશનું માનવ જાતિ તેમજ આપણી જ્ઞશતિના ઉત્કર્ષમાં અનેરો મહિમા છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ આપણી જ્ઞાતિએ કોઈપણ નવું કાર્ય, નવો વ્યવસાય કે સામાજિક કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી છે, ત્યારે ''શ્રી ગણેશાય નમઃ'' કહીને જ આગળ કદમ વધાર્યા છે.

ભગવાન શ્રી ગણેશનું સ્વરૂપ માત્ર પૂજનીય નથી, પરંતુ તે માનવજીવનને સાર્થક બનાવતા મહત્વપૂર્ણ સામાજિક સંદેશ આપે છે.

* મોટું મસ્તક : વિશાળ વિચારસરણી, જ્ઞાન અને ઊંડી બુદ્ધિમત્તા કેળવવાની પ્રેરણા આપે છે.
* મોટા કાન : સારો શ્રોતા બનવાનો સંદેશ આપે છે; આપણી જ્ઞાતિમાં બોલવા કરતાં અન્યની વાત શાંતિથી સાંભળવી વધુ જરૂરી છે.
* નાની આંખો : જીવનમાં ઊંડી દ્રષ્ટિ, એકાગ્રતા અને સૂક્ષ્મ અવલોકન રાખવાનું સૂચવે છે.

અનુસંધાન પાના નં. ૨ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ તથા પરમ પ્રમાણ દર્શન ઘાટકોપર અધ્યન વર્ગ દ્વારા આયોજીત

**સહયોગ :**

**શ્રી ઘાટકોપર ક.ક.પા. સનાતન સમાજ (મુંબઈ)**
**શ્રી ક.ક.પા. સનાતન યુવા મંડળ મુંબઈ**
**શ્રી ક.ક.પા. સનાતન મહિલા મંડળ-મુંબઈ**

## જ્ઞાન યજ્ઞ

### શિવમહિમ્નસ્તોત્ર
### ચોથો મણકો






**પ્રવક્તા : સત્પ્રિયાનંદ સરસ્વતી**

દર વર્ષની જેમ આ વર્ષે પિતૃપક્ષમાં શ્રાદ્ધના પવિત્ર દિવસોમાં પિતૃઓને અપર્ણ સાથે ભગવાનમાં શ્રદ્ધા, ભક્તિ અને જ્ઞાન માટે શિવમહિમ્નસ્તોત્ર જ્ઞાનયજ્ઞમાં આપ સૌને શ્રવણનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને ભક્તોને હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**-: કાર્યક્રમની રૂપરેખા :-**

**તા. ૦૩ ઓક્ટોમ્બર - ૨૦૨૬ શનિવાર**
**તા. ૦૪ ઓક્ટોમ્બર - ૨૦૨૬ રવિવાર**
**સમય : ૪.૩૦ થી ૬.૦૦ કલાકે**

(નોંધ : તા. ૦૪ ઓક્ટોમ્બરના રવિવારે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.)

સ્થળ : પાટીદાર વાડી, એલ.બી.એસ. માર્ગ,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ-મુંબઈ**

**ચેરમેન : શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી - મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી પ્રકાશ હરજી માવાણી**

**શ્રી ક. ક. પાટીદાર મહિલા મંડળ (બોરીવલી)**
એવમ્
**શ્રી પાટીદાર યુવક મંડળ (બોરીવલી)**

**સહયોગી:**
**શ્રી ક. ક. પાટીદાર સમાજ (બોરીવલી)**

રજત જયંતિ ઉત્સવનું

## ભાવભર્યું નિમંત્રણ

શ્રી પાટીદાર મહિલા મંડળ બોરીવલી તથા શ્રી પાટીદાર યુવક મંડળ બોરીવલી ના સફળ સંચાલન અને સેવાકાર્ય નાં ૨૫ વર્ષ (રજત જયંતી) પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે એક ભવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ મયૂર ઉત્સવ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.

છેલ્લાં ૨૫ વર્ષોમાં સમાજ સેવા, સંસ્કાર સિંચન અને વિવિધ આયોજનમાં આપ સૌનો સાથ-સહકાર અવિરત મળતો રહ્યો છે. આ રજત જયંતી વર્ષની ઉજવણીમાં આપની ઉપસ્થિતિ એજ અમારી સફળતા છે

**આ યાદગાર પ્રસંગે આપ સૌ અહીં પધારીને આ ઉત્સવની શોભા વધારો...**
**તેવી સ્નેહભરી વિનંતી છે.**


ચાંદનીબેન પટેલ


હિતેશ અંટાલા

**મયૂર ઉત્સવ ૨૦૨૬**

સમી સાંજને સથવારે સંગીત નો રંગ હાસ્યને સંગ
શનિવાર તારીખ: ૩/૧૦/૨૦૨૬, બપોરે ૧.૩૦ થી ૧૦.૦૦

**મહિલા મંડળ બોરીવલી**
**યુવક મંડળ બોરીવલી**
**રજત જયંતી ઉત્સવ**

-: સ્થળ :-
લતા મંગેશકર નાટ્ય ગૃહ ઓડિટોરીયમ, મહાજન વાડી, દહીસર ચેક નાકા પાસે, મીરા રોડ (ઈ.), મીરાં ભાયંદર - ૪૦૧૧૦૭

**આમંત્રક:**

મહિલા મંડળ
પ્રમુખ : જ્યોતિબેન છાભૈયા
મંત્રી : કલ્પનાબેન છાભૈયા

યુવક મંડળ
પ્રમુખ : પરેશભાઈ રામાણી
રોનકભાઈ છાભૈયા
મંત્રી : રૂમિતભાઈ હળપાણી

કન્વીનર : સુશીલ હળપાણી
તથા બંને મંડળના તમામ હોદ્દેદારો અને સભ્યો

**ટિકીટ બુકિંગ માટે**
સુશીલ હળપાણી: +91 98675 50079 | પ્રભા ધોળુ : +91 99200 39902 | પુષ્પા પોકર : +91 99877 37667

### તંત્રી સ્થાને થી.....

પાના નં. ૧થી ચાલું...

* નાનું મુખ : ઓછું, મધુર અને વિચારપૂર્વક બોલવાનું મહત્વ સમજાવે છે.

* મોટું પેટ : જીવનના સારા-નરસા તમામ અનુભવો અને રહસ્યોને પોતાનામાં સમાવીને પચાવી જવાની ક્ષમતા દર્શાવે છે.

* એક દાંત : સદ્‌ગુણો જાળવી રાખીને દુર્ગુણોનો ત્યાગ કરવાનો અને અડગ મનોબળ રાખવાનો સંકેત આપે છે.

લોકમાન્ય તિલકે સાર્વજનિક ગણેશોત્સવની શરૂઆત દરેકને એક તાંતણે બાંધવા માટે કરી હતી. એ જ ઉદ્દેશ સાથે ગણપતિજીનું આ દિવ્ય સ્વરૂપ આપણી જ્ઞાતિમાં ધૈર્ય, વિવેક અને સકારાત્મકતા સાથે જીવન જીવવાનો આદર્શ માર્ગ દર્શાવે છે.

આ વર્ષે જ્યારે આપણે ગણપતિ બાપાનું સ્વાગત કરી રહ્યા છીએ, ત્યારે આવો આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે આપણી જ્ઞાતિને વધુ શિક્ષિત, સંગઠિત અને સક્ષમ બનાવીશું અને માનવ જાતના કલ્યાણ માટે કટિબદ્ધ રહેશું અને આવો આપણે સૌ ઘાટકોપર પાટીદાર વાડીના રીડેવ્લેપમેન્ટ તત્કાલ બને તે માટે સૌ શ્રી ગણેશજીની પ્રાર્થના કરીએ.

વિઘ્નહર્તા આપણી જ્ઞાતિના તમામ પરિવારો ઉપર સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્યના આશીર્વાદ વરસાવતા રહે તેવી મંગલ કામના સાથે.

**ગણપતિ બાપા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા !**

**છગનભાઈ નાનજીભાઈ રામજીઆણી - તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી - સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી - સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી દ્વારા આયોજીત
## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી
## શ્રી પાટીદાર યુવક મંડળ - ડોંબીવલી સહયોગી
## વીર પસલી કાર્યક્રમનો અહેવાલ

તારીખ ૧૬.૦૮.૨૦૨૬ રવિવારના રોજ વીર પસલી કાર્યક્રમનું આયોજન પાટીદાર ભવન ડોંબીવલી ખાતે કરવામાં આવેલ હતું. સૌ પ્રથમ ડોંબીવલી મહીલા મંડળના પ્રમુખ, મહામંત્રી, આઈ.પી.પી., શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ય ફંડ - મુંબઈના વાઈસ ચેરમેન, સહ મેનેજિંગ ટ્રસ્ટી, ડોંબીવલી સમાજના પ્રમુખ, યુવક મંડળના પ્રમુખ, મહામંત્રી તેમજ સાતમ રમવા આવેલી ગોયણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે ગોયણીઓએ પોતાના ભાઈનું કંકુ ચોખાથી પૂજન કરેલ.

ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખ પ્રીતિબેને ભાઈઓ માટે સાત આર્શિવચન બોલ્યાં અને તેમની સાથે જ સર્વે બહેનોએ પીળા રંગના દોરામાં સાત ગાંઠો મારી પોતાના કાંડા પર બાંધેલ અને ઈશ્વર પાસે પોતાના ભાઈ માટે સાત આશીર્વાદ માંગી વીર પસલીના પારંપારિક તહેવારની શરૂઆત કરેલ હતી. ત્યારબાદ વીરપસલીની વાર્તા વાંચી રાસની રમઝટ શરૂ કરવામાં આવી, જેમાં વડીલ માતાઓએ પારંપારિક રાસ રમતા શીખવાડ્યા અને ખૂબ જ મજાથી ગીતો ગાતા ગાતા આ રાસનો લહાવો લીધો. આ કાર્યક્રમમાં લગભગ ૩૦૦ બહેનોએ ભાગ લીધો અને મહિલા મંડળનો ઉત્સાહ વધાર્યો હતો. ખાસ નોંધ લેવા જેવી કે બધીજ બહેનો આપણી પરંપારિક ગુજરાતી સાડીમાં સુશોભિત થઈને રાસે રમવા આવેલ હતી. ત્યારબાદ મહામંત્રી શ્રીમતી કુસુમ ભગતે સર્વનો આભારમાની ધન્યવાદ આપેલ. ત્યારબાદ કાંડા પર બાંધેલ પીળા દોરાની ગાંઠ ખોલી બધા જ દોરાને એક સાથે બાંધી સળંગ દોરો તૈયાર કરી અને લીલા ઝાડ પર બાંધી સર્વે હર્ષોલ્લાસથી છુટા પડ્યા.

**લિ. શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી**
**પ્રમુખ : શ્રીમતી પ્રીતીબેન જયેશ ભગત**
**મહામંત્રી : શ્રીમતી કુસુમબેન ઈશ્વર ભગત**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત
## સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

OJJAS™

### વેરિકોઝ વેન્સ
### (દવા વગર કુદરતી ઉપચાર)

વેરિકોઝ વેન્સ એ એવી સ્થિતિ છે જેમાં નસો ફૂલેલી, વાંકી અને નીલી/જાંબલી દેખાય છે અને ખાસ કરીને પગમાં વધારે થાય છે.
જેના મુખ્યકારણો લાંબા સમય સુધી ઊભા રહેવું, વધુ વજન, ઉંમર વધવાથી નસો નબળી થવી, ગૅભવિસ્થા, વારસાગત, શરીરમાં રક્ત પ્રવાહ ની સમસ્યા, નસમાં વાલ્વ યોગ્ય રીતે કામ ન કરે
લક્ષણો - પગમાં ભારેપણું લાગે, દુખાવો અથવા બળતરા જેવી લાગણી, નસો બહાર દેખાય (ફૂલી ગયેલી), પગમાં ખંજવાળ, સૂજન વગેરે.



પગ ની વચ્ચે ની આંગળી માં પોઇન્ટ ને સક્રિય કરી ગ્રીન કલર કરી રાઇ લગાડો. (ચિત્ર માં બતાવ્યા પ્રમાણે )




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Liv 7*, P 8* )

**વિશેષ** : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ,
- અનંત કોટી બ્રહમાંડમાંથી ચૈતન્ય મહાપ્રાણ ની મહાવર્ષા મારા પગ ના કોશ કોશિકા નાભિક માં અવતરિત થાવ (3)
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)

હરિઓમતત્સત્

**નોંધ** - સુજોક પદ્ધતિ વિષે વિગતવાર સમજ આપતી એક બુક ઉપલબ્ધ છે, જેમાં મૂળભૂત તેમજ પ્રેક્ટિકલ પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે. આ બુકના અભ્યાસથી અનેક લોકોએ આરોગ્યલાભ અનુભવ્યો છે.આજે જ મેળવો અને સ્વસ્થ જીવન તરફ પગલું ભરો.

સંપર્ક : રીટા રૂડાણી –8779417199 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) પ્રેરિત
## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાત સમાજ (મુંબઈ) આયોજીત
## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ અને યુવા મંડળ ઘાટકોપર સહયોગી

### શ્રી કૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ - ૨૦૨૬

શ્રી ઘાટકોપર સનાતન સમાજ દ્વારા ઘાટકોપર મહિલા મંડળ અને યુવા મંડળના સહયોગથી શ્રીકૃષ્ણ જન્માષ્યમી મહોત્સવ ૨૦૨૬ ખૂબ જ હર્ષ અને ઉલ્લાસથી પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે ઉજવવામાં આવ્યો. સાતમ અને આઠમના દિવસે આપણી પરંપરા મુજબ આપણી સમાજની બહેનો દ્વારા પારંપરિક ગીતો ગાવામાં આવ્યા અને ઢોલના તાલમાં સમાજની બહેનો દ્વારા જૂની પારંપારિક રમત રમવામાં આવી. આઠમના દિવસે ઘાટકોપર સમાજની પરણીને સાસરે ગયેલી ગોયણીઓને તેમજ ઘાટકોપર સમાજમાં આવેલી નવી પુત્રવધુઓને સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ મટકી માટેના ચડાવવાઓ લઈ દાતાઓને સન્માનિત કરી અને કૃષ્ણ જન્મ કરવામાં આવ્યો અને પછી બાળકો દ્વારા મટકી ફોડવ ામાં આવી અને સર્વે સુંદર યાદો સાથે છુટા પડ્યા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં ઘાટકોપર મહિલા મંડળનો ખૂબ જ સુંદર સાથ અને સહકાર મળ્યો તેથી અમે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ, સાથે સાથે સમગ્ર આયોજન માટે અમે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ય ફંડ મુંબઈ, ઘાટકોપર યુવા મંડળ, સમગ્ર દાતા પરિવાર અને આપ સર્વે જ્ઞાતિજનોના ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**જન્માષ્ટમીના અવસર પર જ્ઞાતિજનો નીચે મુજબનું દાન અર્પણ કરેલ છે.**

* બાળકૃષ્ણ કાનુડો : શ્રી નવીન ભાણજી પરવાડીયા પરિવાર - રૂા. ૧૫,૦૦૦/-
* શ્રી કૃષ્ણ આસન શણગાર: શ્રીમતી ભક્તિબેન મિતેશ ઘોઘારી - રૂા. ૫,૦૦૦/-
* ભોજનના મુખ્ય દાતા : શ્રીમતી કસ્તુરબેન વલ્લભદાસ ધોળુ પટેલ - રૂા. ૨૧,૦૦૦/- હસ્તે : શ્રીમતી ખુશાલી વૃષભ ધોળુ
* યુટ્યુબ લાઈવના દાતા : શ્રી મહાવીર જ્વેલર્સ - રૂા. ૨૧,૦૦૦/-
* પ્રસાદીના દાતા : માતૃશ્રી મંગળાબેન બાબુલાલ હીરજી ચૌહાણ - રૂા. ૧૧,૦૦૦/- હસ્તે : શ્રીમતી અરૂણાબેન જીજ્ઞેશ ચૌહાણ
* અલ્પહારનાં દાતા : શ્રીમતી સીમાબેન તુલસીદાસ નાકરાણી - સુખપર (રોહા) - રૂા. ૧૦,૦૦૦/-
* ઢોલીના દાતા : શ્રીમતી મનીષાબેન અશોક ધોળુ - રૂા. ૧૦,૦૦૦/- હસ્તે : ઓમ અશોક ધોળુ
* સાઉન્ડ સિસ્ટમના દાતા : શ્રીમતી લીલાબેન ભીખુભાઈ વાસાણી - રૂા. ૧૦,૦૦૦/- હસ્તે : શ્રીમતી હેમલતા નિતેશ વાસાણી, શ્રીમતી જયશ્રી મેહુલ વાસાણી
* વિડીયોગ્રાફીના દાતા : નવદુર્ગા ઈન્ફ્રાવેન્ચર્સ લિમિટેડ (શ્રી જીજ્ઞેશ ચૌહાણ) - રૂા. ૧૦,૦૦૦/-
* ફોટોગ્રાફીના દાતા : શ્રી મનીષભાઈ રતનશી લીંબાણી - રૂા. ૭,૦૦૦/- હસ્તે : રીટાબેન મનીષ લીંબાણી

*** ભોજન માટે સહયોગી દાતા : રૂા. ૫,૦૦૦/-**

૧. શ્રીમતી મીશા મનીષ ભાવાણી
૨. માતૃશ્રી રમાબેન કાનજી પોકાર પરિવાર, હસ્તે : લક્ષ્મીબેન, લીલાબેન, મિનાક્ષીબેન, સરલાબેન
૩. શ્રીમતી વિજયાબેન સુરેશ સેંઘાણી - હસ્તે : અંકિત સુરેશ સેંઘાણી
૪. શ્રીમતી પ્રવિણાબેન કાંતિલાલ દડગા
૫. રામ ભરોસે - રૂા. ૫,૦૦૦/-
૬. સ્વ. કેસરબેન કરસન પોકાર, હસ્તે : શાંતિલાલભાઈ અને હસમુખભાઈ
૭. શ્રી મનસુખ રણમલ સાંખલા
૮. શ્રીમતી અરૂણાબેન અશોક લીંબાણી

*** ચાય પાણીના દાતા : રામ ભરોસે - રૂા. ૫,૦૦૦/-**

*** ગોયણીઓને ભેટના દાતા :**

૧. ગં.સ્વ. ગંગાબેન મણીલાલ ધોળુ - રૂા. ૧૦,૦૦૦/-
૨. માતૃશ્રી રમાબેન કાનજી પોકાર પરિવાર, હસ્તે : લક્ષ્મીબેન, લીલાબેન, મિનાક્ષીબેન, સરલાબેન - રૂા. ૫,૦૦૦/-
૩. માતૃશ્રી મંગળાબેન બાબુલાલ હીરજી ચૌહાર, હસ્તે : શ્રીમતી અરૂણાબેન જીજ્ઞેશ ચૌહાણ - રૂા. ૨,૫૦૦/-
૪. શ્રીમતી ધારા જીતેન દડગા - રૂા. ૨,૧૦૦/-
૫. રામ ભરોસે - રૂા. ૨,૧૦૦/-
૬. મહિલા મંડળ પાસે જમા થયેલ રાશી - રૂા. ૧૪,૦૦૦/-

**મટકી (દહી હાંડી)ના સયુક્ત દાતા પરિવાર - રૂા. ૧,૫૧,૦૦૦/-**

શ્રીમતી નર્મદાનેબ ભીમજી ચૌહાણ
શ્રીમતી કસ્તુરબેન વલ્લભદાસ ધોળુ
શ્રીમતી અરૂણાબેન જીજ્ઞેશ ચૌહાણ
માતૃશ્રી સ્વ. હીરાબેન કાંતિલાલ નાકરાણી પરિવાર
શ્રીમતી મનીષાબેન અશોક ધોળુ
શ્રીમતી જ્યોતીબેન જયંતીલાલ ભાદાણી

**કન્વીનર** — **શ્રી વસંત રવજી પોકાર**
**પ્રમુખ** — **શ્રી રમણીકલાલ શામજી સેંઘાણી**
**મહામંત્રી : શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ-ડોંબીવલી આયોજીત
## શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી.
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ ડોંબીવલી સહયોગી

### "વિજયા દશમી મહોત્સવ - ૨૦૨૬"

**વાર્ષીક સામાન્ય સભા, વાર્ષીક મીલન, સરસ્વતી સન્માન સમારોહ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ડોંબીવલી સમાજ દ્વારા વિજયા દશમી, વાર્ષિક સ્નેહ મિલન તેમજ સરસ્વતી સન્માન - ૨૦૨૬નું આયોજન કરવામાં આવેલ છે.

**કાર્યક્રમની તારીખ તેમજ સમય :-**

**તા. ૨૦-૧૦-૨૦૨૬ને મંગળવાર * સમય : બપોરના ૨.૩૦ કલાકે**

**કાર્યક્રમનું સ્થળ : પાટીદાર ભવન, ડોંબીવલી**

**કાર્યક્રમની રૂપરેખા**

૧) દીપ પ્રાગટ્ય તેમજ આરતી.
૨) સમાજ, યુવક મંડળ તેમજ મહિલા મંડળના વાર્ષિક હિસાબ કિતાબની રજુઆત.
૩) પ્રમુખ સ્થાનેથી રજુઆત.

**ખાસ નોંધ : કાર્યક્રમના દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ છે.**
**સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી**

રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ડોંબીવલીમાં વસતા દરેક જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ પાઠવે છે.

**લી. શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ - ડોંબીવલી**
**પ્રમુખ : શ્રી રમેશ શામજી સેંઘાણી**
**મહામંત્રી : શ્રી અંબાલાલ રામજી લિંબાણી**

# શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) પ્રેરિત
# શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાત સમાજ (મુંબઈ) આયોજીત

**શ્રી કચ્છ કડવા પાટીદાર સનાત મહિલા મંડળ અને યુવા મંડળ ઘાટકોપર સહયોગી**

## શ્રી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ અને નવરાત્રી મહોત્સવ ૨૦૨૬

**તારીખ ૧૧ ઓક્ટોમ્બર ૨૦૨૬ (રવિવાર) થી ૧૯ ઓક્ટોમ્બર ૨૦૨૬ (સોમવાર)**

ઘાટકોપર સનાતન સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ. અને નવરાત્રી દરમ્યાન શ્રી ઉમિયા માતાજી ભાવ મંદિરનો પાટોત્સવ પણ ઉજવશું. જેમાં આપ સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. અને આ મહોત્સવ માટે નીચે મુંજબની દાનની અપીલ કરી રહ્યા છીએ.

*** નરાત્રી માટેના દાતાશ્રીઓ દ્વારા સેવા માટેની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧) | મુખ્ય સ્પોન્સર | : | રૂા. ૭૧,૦૦૦/- |
| ૨) | દરેક પિલર જાહેરાત | : | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| ૩) | નવરાત્રી સિઝન પાસ જાહેરાત | : | રૂા. ૭૫,૦૦૦/- |
| ૪) | ઓરકેસ્ટ્રા સ્પોન્સર | : | રૂા. ૩૧,૦૦૦/- |
| ૫) | વિડીયોગ્રાફીના દાતા | : | રૂા. ૨૫,૦૦૦/- |
| ૬) | ફોટોગ્રાફીના દાતા | : | રૂા. ૧૫,૦૦૦/- |
| ૭) | મહાપ્રસાદના એક દિવસના દાતા | : | રૂા. ૨૫,૦૦૦/- |
| ૮) | મહાપ્રસાદના સહયોગી દાતા | : | રૂા. ૫,૦૦૦/- |
| ૯) | ચાય/કોફીના દાતા | : | રૂા. ૧૦,૦૦૦/- |
| | જાહેરાત બેનર (૫' x ૩') | : | રૂા. ૬,૦૦૦/- |
| | નવરાત્રી મહોત્સવ સહયોગી દાના | : | રૂા. ૨,૦૦૦/- |

*** નવરાત્રી મહોત્સવ ૨૦૨૬ માટે ઉછામણી**

| | | | |
|---|---|---|---|
| ૧) | માતાજીનો ગરબો અને પ્રથમ નોરતાની આરતી | | રૂા. ૫૧,૦૦૦/- |
| ૨) | દરેક નોરતાની આરતી | : | રૂા. ૧૧,૦૦૦/- |
| ૩) | વિસર્જન દિવસે મહાઆરતી | : | રૂા. ૨૫,૦૦૦/- |
| ૪) | યુટ્યુબ લાઈવના દાતા | : | રૂા. ૨૫,૦૦૦/- |

* શ્રી ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ અને હવનના ચડાવવા (ઉછામણી) ૪ ઓક્ટોમ્બર ૨૦૨૬, રવિવાર - રાત્રે ૮.૩૦ કલાકે - પાટીદાર વાડી ઘાટકોપર નવરાત્રી પર્વ દરમ્યાન દર વર્ષે શ્રી ઉમિયા માતાજી ભાવ મંદિર પાટોત્સવ ઉજવવામાં આવે છે, જેમાં ચડાવા દ્વારા દાતાશ્રીઓની સેવા નક્કી કરવામાં આવે છે. જેની બેજીક પ્રાઈસ નીચે મુજબ છે.

ઉમિયા માતાજી મંદિર પાટોત્સવ નિમિત્તે ઉછામણીની શુભ શરૂઆતની વિગત.

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી ગણેશ શણગાર | : | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨) | શ્રી ઉમિયા માતાજી શણગાર | : | રૂા. ૧૫,૦૦૦/- |
| ૩) | શ્રી હનુમાન શણગાર | : | રૂા. ૧૧,૦૦૦/- |
| ૪) | શ્રી મહાદેવ ઉમાનાથનો હાર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૫) | શ્રી ઉમિયા માતાજીનો હાર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૬) | શ્રી ઉમિયા માતાજી છતર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૭) | શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનો હાર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૮) | શ્રી સદગુરૂ ઓધવરામ મહારાજનો હાર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૯) | શ્રી સદગુરૂ વાલરામ મહારાજનો હાર | : | રૂા. ૫,૦૦૦/- |
| ૧૦) | શ્રી ધ્વજ પુજન અને આરોપણ | : | રૂા. ૧૧,૦૦૦/- |
| ૧૧) | શ્રી શંખપૂજન અને શંખનાદ | : | રૂા. ૧,૧૧૧/- |
| ૧૨) | મુખ્ય હવનના યજમાન | : | રૂા. ૧૫,૦૦૦/- |
| ૧૩) | બીજા હવનના યજમાન | : | રૂા. ૭,૫૦૦/- |
| ૧૪) | ત્રીજા હવનના યજમાન | : | રૂા. ૭,૫૦૦/- |
| ૧૫) | પાટોત્સવ મહાપ્રસાદના દાતા | : | રૂા. ૨૧,૦૦૦/- |

સર્વે ભક્તજનો તેમજ દાતાશ્રીને ઉછામણીમાં હાજર રહી અને અમને પ્રોત્સાહન આપવા જરૂરથી પધારવા વિનંતી.

નોંધ : ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા ૪ સમ્ટેમ્બરના દિવસે બપોરે ૪.૦૦ કલાકે જ્ઞાનયજ્ઞ સત્સંગનો લાભ લેશું, ત્યારબાદ મહાપ્રસાદ લઈ અને રાત્રે. ૮.૩૦ કલાકે ચડાવવા (ઉછામણી)ની શરૂઆત કરવામાં આવશે. રૂા. ૫,૦૦૦/- થી ઉપરના દાતાશ્રીના નામ બેનરમાં છાપવામાં આવશે.

| કન્વીનર | પ્રમુખ |
|---|---|
| **શ્રી વિજય કરસન સેંઘાણી** | **શ્રી રમણીકલાલ શામજી સેંઘાણી** |
| 9821389921 | 9892305546 |

**મહામંત્રી : શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી :** 9820418587





